



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૦૧ ૧૦ જાન્યુઆરી, ૨૦૧૩, ગુરૂવાર; માગશર વદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે ગિફ્ટસીટીના પ્રથમ ટાવરનું લોકાર્પણ



## નાણાંકીય સેવાઓ માટેના આદર્શ સ્થળ તરીકે હવે ગાંધીનગર તેની ઓળખને આંતર રાષ્ટ્રીય બનાવશે : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આજે પ્રથમ ટાવરનું લોકાર્પણ



ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકાર દ્વારા સંયુક્ત ક્ષેત્રમાં નિર્માણ પામી રહેલ ગિફ્ટસીટીના પ્રથમ ટાવરનું લોકાર્પણ આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં કરવામાં આવશે.

ફાયનાન્સીયલ સર્વિસ સેક્ટરનું આ પ્રથમ નગર હશે જ્યાં માત્ર ને માત્ર ફાયનાન્સીયલ સેવાઓ આંતરરાષ્ટ્રીય સ્તરની મળશે. આમ તો આ ગિફ્ટસીટીમાં કુલ ૧૧૦ ટાવર બનાવવા ઉપરાંત એક આખેઆખુ નગર બનાવવાની કલ્પના છે. આ ગિફ્ટસીટીનો ટાવર જે બે વર્ષના ટુંકાગાળામાં જ નિર્માણ પામ્યો છે. આઈ.અસ.એફ.એસ. અને જી.યુ.ડી.સી. દ્વારા સંયુક્ત ક્ષેત્રમાં આ સિટી નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

૮૦૦ એકર વિસ્તારમાં પથરાયેલ આ ગિફ્ટસીટીમાં ફાયનાન્સીયલ સર્વિસીઝની ઓફિસો જેવીકે ગ્લોબલ ટ્રેડએક્સચેન્જ, કોમોડીટીઝ એકસચેન્જ, ઈન્સ્યોરન્સ, બેંકિંગ, ઓફસોર બેડિંગ, કે.પી.ઓ. બી.પી.ઓ. સર્વિસ, ડેટા સેન્ટર ઈન્ટરનેશનલ

● અનુસંધાન પાન-૭ પર

## પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝના ડોમ્સમાં ૨૦ દેશોની કિંમતી મશીનરીઝ

### પ્લાસ્ટીક પ્રોડક્ટસની મશીનરી જોવા ધસારો

ગાંધીનગર, તા. ૯

વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝની વિવિધ મશીનરી માટે ૬ જેટલા ડોમ્સ બનાવાયા છે. ૧૧૦૦ જેટલા સ્ટોલ્સમાં નાની-મોટી મશીનરીઝ મુકવામાં આવી છે. પ્લાસ્ટીક બેગ્સ, રો મટીરીયલ્સ સહિત ઉપયોગી સાધનોના નિર્માણ માટે મટીરીયલ્સ તૈયાર કરવાની અનેકવિધ



મશીનરી ધમધમતી જોવા મળે છે. 'પ્લેક્સો ઈન્ડીયા'ના આ ટ્રેડ શો માં દુનિયાના વિવિધ ૨૦ જેટલા દેશોની કંપનીઓએ ભાગ લીધો છે. જેમાં ચાઈના, કોરીયા, તાઈવાન અને પાકીસ્તાન સહિતના દેશોની ઈન્ડસ્ટ્રીઝે વિવિધ પ્રોડક્ટ્સ નિર્માણ કરતી મશીનરી મુકી છે. અમદાવાદ અને પૂના સહિતની પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝે પણ તેમાં ભાગ લીધો છે. રૂ. ૧ લાખથી લઈ ૫ કરોડ સુધીની મશીનરી નિહાળવા આજે ડોમ્સમાં આમ નાગરિકોનો ધસારો જોવા મળ્યો હતો.

## વિધાનસભા સંકુલમાં મોડીરાત્રે આગ

ગાંધીનગર તા. ૯

આજે મોડી રાત્રે ગાંધીનગરમાં વિધાનસભાની નીચેના ભાગમાં આવેલ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની ટાટાના સર્વર રૂમમાં આગ લાગતા ફાયરબ્રિગેડ તાકીદે ઘટના સ્થળે દોડી ગયું હતું.

જ્યાં સતત ૨૦ મીનીટ સુધી ૩૦ હજાર લીટર જેટલા પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લેવાની સફળતા મેળવી હતી. આ આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી પણ શોર્ટ સરકીટને કારણે આગ લાગી હોવાનું અનુમાન કરાઈ રહ્યું છે.

વિધાનસભા બિલ્ડીંગમાં આગ લાગવાની ઘટનાને પગલે જિલ્લા પોલીસ વડા, કલેક્ટરશ્રી અને પાટનગર યોજનાના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

આ આગને કારણે સર્વરરૂપને નુકસાન થવા ઉપરાંત સ્ટેશનરી સળગી જવા પામી હોવાનું જાણવા મળેલ છે. વિધાનસભામાં લાગેલા આ આગને પગલે વિધાનસભા સંકુલને કરાયેલી રોશની તાત્કાલિક બંધ કરી દેવામાં આવી છે. વાયબ્રન્ટ સમિટના આયોજનને લઈ વિધાનસભા સંકુલને રોશનીથી સજાવવામાં આવ્યું હતું.

## ટુરીઝમક્ષેત્રે ગુજરાત સહિત અનેક રાજ્યોના ડેસ્ટીનેશનન્સની માહિતી

### બીગ બી ની એડ ખુશ્બુ ગુજરાત કી ના પોસ્ટર્સ લગાવાયા

ગાંધીનગર, તા. ૯

વાઈબ્રન્ટ પ્રદર્શનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ સ્ટોલ્સ ઉપરાંત ગુજરાત ટુરીઝમના અનેકવિધ ડેસ્ટીનેશનની રસપ્રદ માહિતી



પુરી પાડ્યા પછી અલાયદી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં ગુજરાત ઉપરાંત દિલ્હી, મધ્યપ્રદેશ, ઝારખંડ, કર્ણાટક સહિતના રાજ્યોએ ભાગ લીધો છે. જેમાં દેશના વિવિધ જાણીતા પર્યટનસ્થળોની માહિતી પુરી પાડવા ઉપરાંત જરૂરી બ્રોશર અને સાહિત્યનું પણ વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત ટુરીઝમક્ષેત્રે વિવિધ ડેસ્ટીનેશનલની ઉપયોગી ઈન્ફર્મેશન અને બુકીંગ સુધીની સુવિધા પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં



આવી છે. ટુરીઝમના આ ડોમમાં ગુજરાત ટુરીઝમ દ્વારા પણ રાજ્યના સોમનાથ, દ્વારકા સહિતના ધાર્મિક સ્થાનોના પોસ્ટર્સ મુકવામાં આવ્યા છે. 'ખુશ્બુ ગુજરાત કી' ડોક્યુમેન્ટરીના કેટલાક દશ્યો મુકવામાં આવ્યા છે. બીગ બી ની આ એડ ફિલ્મના પોસ્ટર્સ સાથે ફોટો ખેંચવા માટે પણ વિઝીટર્સમાં ક્રેઝ જોવા મળી રહ્યો છે. ગુજરાતના જોવાલાયક સ્થળો ઉપરાંત તેમાં સાઈટસીન્સની ઈન્ફોર્મેશન પણ પુરી પાડવામાં આવે છે. ટુરીઝમક્ષેત્રને પ્રોત્સાહિત કરવા વિવિધ રાજ્યોએ તાગ લીધો છે. આ ઉપરાંત કાઈટ ફ્લાઈંગ અને સ્ટુડન્ટ વિઝાને લગતી માહિતીનું પણ કાઉન્ટર કાર્યરત કરાયું છે.

## દેશના ૬૫ ટકા યુવાનોને કેન્દ્રસ્થાને રાખીને હવે યોજના બનાવવી પડશે

### જ્ઞાન,સ્કીલ અને કલ્ચરની બાબતમાં વિશ્વની સાથે આપણે ઉભરી રહ્યા છીએ : મોદી
### પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં વિશ્વભરની ૨૬૦ યુનિવર્સિટી-ઈન્સ્ટીટ્યુટની કોન્ફરન્સ

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૯

ભારતમાં ૬૫ ટકા વસતી ૩૫થી નીચેની વયની હોવાથી હવે તેમને કેન્દ્રસ્થાને રાખીને યોજનાઓ બનાવવાનો સમય આવી ગયો હોવાનો નિર્દેશ આપી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આ અવસરે જ્ઞાન, સ્કીલ અને કલ્ચર સાથે આપણે નવી શક્તિ પ્રાપ્ત કરી રહ્યાં છીએ. ૨૦૨૦ સુધીમાં સરેરાશ ઉંમર ૨૯-૩૦ વર્ષની હશે.

યુવાનોને સંબોધતાં મોદીએ કહ્યું હતું કે સમગ્ર વિશ્વમાં મોટા વર્કફોર્સની જરૂરિયાત ઉભી થવાની હોવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આપણે આ દાયકામાં સ્વયંને તૈયાર કરી રહ્યાં છીએ. તેમણે કહ્યું હતું કે આ અવસર વાહવાહી લૂંટવાનો નથી પણ નક્કર પ્રવાહ ઉપર નવો પાયો નાંખવાનો પ્રયાસ છે. યુવા શક્તિને વિશ્વની શ્રેષ્ઠ બાબતો ઉપલબ્ધ થવી જ જોઈએ અને વિશ્વની દરેક જરૂરિયાતો પૂરી કરવા યુવાનો સામર્થ્યવાન બનવા જોઈએ.

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ફોર એકેડેમિક ઈન્સ્ટીટ્યુટ્સની બે દિવસની કોન્ફરન્સનો આજે પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં પ્રારંભ થયો છે. આ સ્થળે વિશ્વની ૨૬૦ યુનિવર્સિટી તેમજ ઈન્સ્ટીટ્યુટ્સ ભાગ લઈ રહી છે જેમાં ૧૪૫ ઈન્ટરનેશનલ અને બાવન નેશનલ છે. આ કોન્ફરન્સમાં ભારતના ૧૪ રાજ્યોને આવરી લેવામાં આવ્યા છે.

આઈસીએઆઈનું ઉદઘાટન કરતાં મોદીએ જણાવ્યું હતું કે ભારતમાં ઉચ્ચશિક્ષણ આપતી સંસ્થાઓનો જન્મ ૨૫૦૦ વર્ષ પહેલાં તક્ષશિલા, નાલંદા અને વલ્લભી જેવી પ્રાચીન વિદ્યાપીઠોથી થયેલો છે. આપણે આ ઈતિહાસમાંથી ઘણું શિખ્યા છીએ. તે સમયે વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે ભારતમાં આવતા હતા. આજે આપણે એ પ્રકારના ગુરૂ અને શિષ્ય વચ્ચેના સબંધો બાંધવાની આવશ્યકતા છે. અમે સ્ટુડન્ટ અને ફકલ્ટી એક્સચેન્જ અંગે વિચારી રહ્યાં છીએ. આમ કરવાથી જ્ઞાનનો વિસ્તાર થશે. ગુજરાત આ બાબતને ભાવિ મૂડીરોકાણ તરીકે જુએ છે.



મોદીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ૨૧મી સદી જ્ઞાનની સદી બનીને રહેવાની છે ત્યારે દુનિયાનો કોઈ દેશ એવો નહીં હોય, જેણે બીજા ઉપર આધાર રાખવો પડતો હોય. સમગ્ર વિશ્વની સાથે આપણે પણ ઉભરી રહ્યાં છીએ.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે આ કોન્ફરન્સ વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે યોજાઈ રહી છે અને તેનો ઉદ્દેશ રાજ્યમાં વિશ્વસ્તરની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાના સહયોગ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરવાનો છે. બે દિવસીય આ કોન્ફરન્સમાં શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ, ઈનોવેશન દ્વારા સંશોધન અને વિકાસ તેમજ કૌશલ્ય વિકાસ એવા મુખ્ય ત્રણ વિષયો પસંદ કરી તેની ચર્ચા શરૂ કરવામાં આવી છે.

આ સમારંભમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિ વચ્ચે વિવિધ એજ્યુકેશનલ સંસ્થાઓ વચ્ચે એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા.

## શૈક્ષણિક સંસ્થા-વિદેશી યુનિ વચ્ચે કુલ ૮ એમઓયુ કરાયા

ગાંધીનગર, તા.૯

શૈક્ષણિક સંસ્થાઓની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સના સુભારંભે આઠ એમઓયુ થયા હતા. છઠ્ઠી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું મુખ્ય થીમ નોલેજ રાખવામાં આવ્યો છે. આજે શૈક્ષણિક સંસ્થાઓની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સના શુભારંભ સમારોહ દરમિયાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, ગુજરાતની યુનિવર્સિટીઓ અને વિદેશની યુનિવર્સિટીઓ વચ્ચે આઠ જેટલા સમજૂતી કરાર (એમઓયુ) થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## હીરાજડીત કિંમતી કારને અન્ય સ્થળે ખસેડવા સક્રિય વિચારણા

### જ્વેલરી શો માં વિઝીટર્સનો ધસારો વધતા સુરક્ષા વ્યવસ્થાનો મામલો પણ હેડેક

ગાંધીનગર, તા. ૯

ગ્લોબલ ટ્રેડ શો માં હીરાજડીત કાર સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે. વાઈબ્રન્ટ એક્ઝીબિશનના જેમ્સ એન્ડ જ્વેલરી શો માં મુકાયેલી આ કિંમતી કાર જોવા માટે દિનપ્રતિદિન વિઝીટર્સનો ધસારો વધતો જાય છે. પ્રદર્શનના અનેક આકર્ષણો વચ્ચે હીરાજડીત કાર વિઝીટર્સના કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર



